મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૨-૧૨-૨૦૨૪
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### ૫૦૦ કરોડના બદલે ૨૯૦૦ કરોડ ઉઘરરાવી લીધા હોવા છતાં ટોલ ટેક્ષ ઉઘરાવાનું ચાલું રાખતા ટ્રાન્સપોર્ટરો અકળાયા

# મહેસાણા ટોલ નાકા પરથી પોતાના વાહનો પસાર નહિં કરી ટ્રાન્સપોર્ટ માલિકોએ પોતાનો વિરોધ નોંધાવ્યો : વાહનો અન્ય માર્ગે દોડાવાશે






(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

મહેસાણા-અમદાવાદ હાઈવે ઉપર ૫૦૦ કરોડના બદલે ૨૯૦૦ કરોડ ઉઘરાવી લીધા હોવા છતાં ટોલ ટેક્ષ લેવામાં આવતો હોવાથી ઉત્તર ગુજરાતના તમામ ટ્રાન્સપોર્ટ માલિકોએ વિરોધ નોંધાવી આજથી વૈકલ્પિક સમાંતર ટોલ વિનાના રોડ ઉપર વાહનો દોડાવવાના શરૂ કરી દીધા છે.

મહેસાણા ટોલ નાકા પાસે આજે ઉત્તર ગુજરાત ટ્રક એસોસિએશન દ્વારા પોતાના વાહનો ટોલ નાકા પરથી પસાર નહીં કરી વિરોધ નોંધાવ્યો છે કારણ કે મહેસાણા-અડાલજ હાઈવે ૫૦૦ કરોડમાં બન્યો હતો જેની સામે સરકારે અત્યાર સુધીમાં ૨૯૦૦ કરોડ વસૂલ્યા છે. હજુ પણ ૧૯૦૦ કરોડ વસુલવાના બાકી હોવાથી ટ્રાન્સપોટરો અકળાયા હતા.

આજથી ટોલ નાકાના વિરોધમાં ટ્રાન્સપોર્ટરો પોતાના વાહનો વૈકલ્પિક રોડ પર રવાના કર્યા હતા. કોઈ વાહન ટોલનાકાથી પસાર ના થાય એના માટે એસોસિએશનના હોદ્દેદારો ટોલનાકા પર પહોંચ્યા હતા. એસોસિએશન ના પ્રમુખ નટરવસિંહ પરમાર જણાવ્યું કે, સરકારે ૫૦૦ કરોડમાં હાઈવે બનાવ્યો છે જેની સામે વધુ પડતા નાણાં ઉઘરાવી લેવામાં આવ્યાં છે એમ છતાં હજુ ટોલ લેવાનું ચાલુ રાખવામાં આવતા આજથી અમે અમારા વાહનો અન્ય માર્ગો પર દોડાવશું જેણે રાજકોટ જવું હશે એ ગોઝારીયા ગાંધીનગર થઈ જશે અને જેણે કડી બાજુ જવું હોય એ જોતાના કડી વાળા રોડ પર થઈ પોતાના વાહનો ચલાવશે આમ અમે અમારો વિરોધ શાંતિપૂર્ણ નોંધાવીશું.

મહેસાણા-અડાલજ અમદાવાદ ટોલ રોડ તેમજ વડોદરા - હાલોલ ટોલ ઉપર લેવામાં આવતા ટોલ ટેક્ષના વિરોધમાં થોડા દિવસ અગાઉ બેઠક યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૦૨ બાદ બનાવવામાં આવેલા મહેસાણા-અડાલજ ટોલ રોડ અંદાજે ૫૦૦ કરોડમાં ટોલ રોડ બન્યો હતો અને અત્યાર સુધીમાં મતલબ કે ૨૨ વર્ષમાં ૩૦૦૦ કરોડથી ટોલ ઉઘરાવી લેવામાં આવ્યો છે. તેમ છતાં આ ટોલ રોડ ઉપર ટોલ ટેક્ષ ઉઘરાવવાનું ચાલુ છે.

બીજીતરફ ટોલ ઉઘરાવતી ખાનગી કંપનીએ સરકાર પાસે ૨૦૪૦ સુધી ટોલ ટેક્ષ ઉઘરાવવાની મંજૂરી માંગી છે. ટોલ ઉઘરાવવાની મુદત ૨૦૩૦ સુધી હોવા છતાં ટોલ કંપનીએ ૨૦૪૦ સુધી ટોલ ઉઘરાવવાની મંજૂરી માંગતા ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં આક્રોશ અને વિરોધ વ્યાપી ગયો છે. ગુજરાતની અંદર રાજ્ય સરકાર હસ્તકના પ્રાઈવેટ કંપનીને સોંપેલાં બે રોડ બાબતે સરકારને અનેકવાર રજુઆત કરેલ છે. બરોડા હાલોલ રોડ અને અડાલજ મહેસાણાનો રોડ ૨૦૦૧ અને ૨૦૦૩થી બનેલા રોડ પર ટોલનું ઉઘરાવવાનું એ સમયથી ચાલી આવ્યું છે. આર ટી આઈ કરી બેલેન્સ સીટમાંથી વિગતો મેળવી અમને જાણકારી મળી કે, ૨૦૨૪ સુધી આ રોડ બને ૨૩ વર્ષ થઈ ગયા આ રોડ ૫૦૦ કરોડમાં બન્યો છે.

અત્યાર સુધીમાં ૩ હજાર કરોડ રૂપિયા ઉઘરાવી ચુક્યા છે. છતાં હજુ ટોલ ઉઘરાવવાનું ચાલુ છે. બન્ને રોડ પર એક જ કંપની ટોલ ઉઘરાવે છે. આ કંપનીએ સરકારમાં રજુઆત કરી છે કે, અમારે હજુ ૧૯૦૦ કરોડ ઉઘરાવવા ના બાકી હોવાથી ૨૦૩૦ સુધીની જે મુદત છે એને ૧૦ વર્ષ વધારી ૨૦૪૦ સુધી કરી આપવા રજુઆત કરવામાં આવી છે. હજુ ૨૦૪૦ સુધીમાં આવા પૈસા ભરવાના હોઈ તો આ વિસ્તારના જે ટ્રાન્સપોર્ટરો છે એમના ખિસ્સામાંથી પૈસા ખખેરવાનું કામ ખાનગી કંપની કરી રહી છે.

### જિલ્લા ખાણ ખનિજ વિભાગે ત્રણ દિવસમાં રેતીની ગેરકાયદેસર હેરાફેરી કરતાં ૯ ડમ્પર ઝડપ્યા

## મહેસાણાના નાગલપુર નજીકથી સાદી રેલી ભરેલા ચાર ડમ્પર પકડાયા : રૂપિયા ૧.૨૦ કરોડનો મુદામાલ ઝબ્બે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

મહેસાણા ખાણ ખનીજ વિભાગને મળેલી બાતમીના આધારે જુદાજુદા બે સ્થળેથી ગેરકાયદેસર રીતે સાદી રેતીની હેરાફેરી અને માટી પુરાણ કરી રહેલા ૬ ડમ્પરોને પકડીને સીઝન કરવામાં આવ્યા હતા.

જયારે તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવાની તજવીજ કરવામાં આવી હતી. જેમાં બેચરાજીના મોટપ મોઢેરા રોડ પર ખાનગી માલિકીની જગ્યા માંથી ગેર કાયદેસર રીતે માટીનું પુરાણ કરતા બે ડમ્પર સીઝ કરીને સલામત જગ્યાએ રાખવામાં આવ્યા હતા. જયારે રૂપિયા ૬૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી પુરાણ વાળી જગ્યાનુ માપ સાહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



ઉપરાંત, મહેસાણાના નાગલપુર નજીકથી સાદી રેતી ભરેલા ચાર ડમ્પર પકડાયા હતા. જેમાં બે ડમ્પર પરમીટ વિનાના જણાયા હતા. જ્યારે બે ડમ્પર ઓવરલોડ રેતી ભરેલા હોવાનું માલુમ પડયું હતુ. જેથી ખાણખનીજ વિભાગ દ્વારા રૂપિયા ૧.૨૦ કરોડ નો મુદમાલ સીઝ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખપાત્ર લ છે કે,મહેસાણા ખાણ ખનીજ વિભાગ દ્વારા માત્ર ત્રણ દિવસમાં સાદી રેતીની ગેરકાયદેસર હેરાફેરી કરતા ૯ ડમ્પર જપ્ત કરીને કુલ રૂપિયા ૨.૭૦ કરોડનો મુદ્દામાલ સીઝ કર્યો છે.

## મહેસાણા શહેરમાં ઠંડીનો ચમકારો : આખો દિવસ લોકોને 'ઠંડી' અનુભવાતી હોય છે



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

મહેસાણા શહેરમા દિવસેને દિવસે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં આજે ૯ વાગ્યા સુધીમાં ૧૪ ડીગ્રી તાપમાન નોધાયું છે. ત્યારે બપોર સુધી લોકોને દિવસ દરમિયાન ઠંડી અનુભવાતી હોય છે.

મહેસાણા શહેર સહિત જિલ્લા ભરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ત્યારે વહેલી સવારથી લઈ દિવસ દરમિયાન લોકો ઠંડી અનુભવતા હોય છે.

ત્યારે બીજી બાજુ સવારે નોકરી ધંધાર્થે જતા લોકો અને શાળા કોલેજમાં જતા વિદ્યાર્થી કાતિલ ઠંડીનો સામનો કરતા હોય છે. ત્યારે વહેલી સવારે પણ રોડ રસ્તા પર લોકોને લાઈટો કરવાની ફરજ પડે છે. આજે મહેસાણા શહેરમાં ૯ વાગ્યા દરમિયાન વાતાવરણનું તાપમાન ૧૪ ડીગ્રી નોધાયું હતું.

### મહેસાણા જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

## બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નો અંગે કલેક્ટર એમ નાગરાજને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજનના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રીએ સંકલન સમિતિની બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



આ ઉપરાંત જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીશ્રીઓ તરફથી રજુ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેક્ટરશ્રી દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.


જિલ્લા કલેકટરે અરજદારોના પ્રશ્નોને હકારાત્મક રીતે નિવારણ કરવા માટે પણ અધિકારીને સૂચિત કર્યા હતા. આ બેઠકમાં નાગરિક અધિકાર પત્રો, ખાતાકીય તપાસના કેસો, તકેદારી આયોગ તરફથી મળેલ અરજીઓ, સરકારી નાણાંની વસૂલાત, બાકી ઓડીટ પેરા, પડતર કાગળોની સ્થિતિ, પેન્શનના કેસો સહિત વિવિધ બાબતો અંગે ચર્ચા કરી હતી.

આ બેઠકમાં રાજયસભા સાંસદશ્રી મયંકભાઈ નાયક, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી સી.જે.ચાવડા, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સુખાજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જિલ્લાના અધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સોલાર ફિલ્ડમાં નોકરીની ઉત્તમ તક
● સોલાર પ્રોજેક્ટ એન્જીનીયર
● સોલાર ટેકનીશીયન
● O & M એન્જીનીયર
● સર્વિસ એન્જીનીયર
સોલાર ગ્રાઉન્ડ માઉન્ટેડ પ્રોજેક્ટમાં નોકરીની ઉત્તમ તક પગાર + ભથ્થા તથા અન્ય ઘણા ફાયદા સાથે
આજે જ સંપર્ક કરો તમારો બાયોડેટા મોકલો
career@zodiacenergy.com અથવા કોલ કરો
૦૭૯-૨૭૪૭૧૧૯૩/ M- 7861852575
સોલારની અથવા ઈલેક્ટ્રીકલ ફિલ્ડનો અનુભવ જરૂરી છે.
ZODIAC ENERGY LIMITED

ભારતની સૌથી અનુભવી અને વિશ્વસનીય સોલાર કંપની
ZODIAC ENERGY LIMITIED
લઈને આવ્યું છે તમારા માટે સુવર્ણ તક





Zodiacની Dealership લો
(ઝીરો ઈન્વેસ્ટમેટ સાથે) અને દર મહિને
રૂા.૫૦,૦૦૦થી પણ વધારે કમાવવાની
તક મેળવો આજે જ સંપર્ક કરો : T&C Apply
મો : 9274683417

સોલાર પાર્ક ડેવલોપમેન્ટ માટે જમીન ભાડેથી આપવા અમારો સંપર્ક કરો
૧૫ એકર કે તેથી વધુ જગ્યા ધરાવતા માલિક આજે જ સંપર્ક કરો.
મો : 7861852561
ZODIAC ENERGY LIMITIED




# ઇતિહાસમાં જરૂરી સુધાર પર નિમ્ન રાજકારણ

વાસ્તવિક ઈતિહાસબોધ રાષ્ટ્રની વિશેષ શક્તિ હોય છે. સાચો ઈતિહાસબોધ રાષ્ટ્રબોધ જગાવે છે. બાળકોને વાસ્તવિક ઈતિહાસબોધનું શિક્ષણ આપવું રાષ્ટ્ર રાજ્યનું કર્તવ્ય છે. રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ `ટલે કે એનસીઈઆરટીએ સમ્યક વિચાર કર્યા બાદ દસમા, અગિયારમા અને બારમા ધોરણ માટે ઈતિહાસનાં પુસ્તકોનો અભ્યાસક્રમ સંશોધિત કર્યો છે. એના પર વિવાદ થઈ ગયો છે. કોંગ્રેસ, માકપા અને શિવસેના (ઉદ્ધવ) સહિત કેટલાય વિપક્ષોએ અભ્યાસક્રમમાં સંશોધન પર આકરો વિરોધ કર્યો છે. વિશેષ કરીને મુગલ સામ્રાજય, દિલ્હી દરબાર, અકબરનામા, બાદશાહનામા અને કેટલાક રાજકીય પક્ષોના ઉદયવાળા અંશ વિવાદનો વિષય બન્યા છે. મુગલ શાસકો અને તેમના સામ્રાજય, હસ્તપ્રતોની રચના, રંગચિત્રણ, રાજધાનીઓ, દરબાર, ઉપાધિઓ અને ઉપહાર, શાહી પરિવાર, શાહી મુગલ અભિજાત્ય વર્ગવાળા અંશો યોગ્ય રીતે જ હટાવ્યા છે.

માર્ક્સવાદી ઈરફાન હબીબ સહિત કેટલાય ઈતિહાસકારોએ સંશોધનના વિરોધમાં હસ્તાક્ષર અભિયાન ચલાવ્યું છે. તેમાં તેઓ ભાજપની વિચારધારા શોધી રહ્યા છે. મલ્લિકાર્જુન ખડગે કહી રહ્યા છે કે ઈતિહાસને બદલવાની કોશિશ થઈ રહી છે. સાચાને ખોટું અને ખોટાને સાચું ગણાવાય છે. સપા સાંસદ શફીકુર્રહમાન બર્ક અને કપિલ સિબ્બલ પણ વિરોધ કરી ચૂક્યા છે. માકપા નેતા સીતારામ યેચુરીએ પણ એનસીઈઆરટીના નિર્ણયને સાંપ્રદાયિક ગણાવ્યો. જ્યારે કેટલાય શિક્ષણવિદો અને નેતાઓએ એનસીઈઆરટીની પહેલનું સમર્થન કર્યું છે. એનસીઈઆરટી નિર્દેશકે આ ચર્ચાને બિનજરૂરી ગણાવતાં કહ્યું કે, 'વિશેષજ્ઞ સમિતિએ ભલામણ કરી હતી કે એવા અધ્યાયોને હટાવવાથી બાળકોના જ્ઞાન પર કોઈ અસર નહીં પડે. તેથી એક બિનજરૂરી બોજ હટાવી શકાય છે.'

ઈતિહાસ સર્વોચ્ચ માર્ગદર્શક હોય છે. વિકૃત ઈતિહાસ પરાક્રમી રાષ્ટ્ર માટે નુકસાનકારક હોય છે. દેશમાં ઈતિહાસના પ્રતિષ્ઠિત નાયકોની ઉપેક્ષાની વાત થતી રહી છે. સુહેલ દેવ અને માર્તંડ વર્મા જેવા પ્રેરક વ્યક્તિત્વો ઈતિહાસમાંથી ગાયબ છે. ભારતવાસીઓ પર ઈતિહાસની ઉપેક્ષાના આરોપ લગાવાતા રહ્યા છે. અલ બરુનીએ કહ્યું હતું કે, 'હિંદુ ઘટનાઓના ઐતિહાસિક ક્રમ પર ધ્યાન નથી આપતા. તેઓ પોતાના સમ્રાટોના કાળક્રમાનુસાર વર્ણનમાં લાપરવાહ છે. એ જ રીતે એલ્ફિંસ્ટનને સિકંદરનાપહેલાં કોઈપણ ઘટનાનો નિશ્ચિત સમય નથી દેખાતો.' જોકે, સત્ય જુદું જ છે. ગાંધીજી પણ રાજાઓના વિવરણને સાચો ઈતિહાસ નહોતા માનતા. તેમણે 'હિંદ સ્વરાજ'માં લખ્યું, 'ઈતિહાસ જે અંગ્રેજી શબ્દ હિસ્ટ્રીનો અનુવાદ છે અને જે શબ્દનો અર્થ બાદશાહો કે રાજાઓની તવારીખ હોય છે. હિસ્ટ્રીમાં દુનિયાના કોલાહલની જ કહાની છે. રાજા લોકો કેવી રીતે ખેલ કરતા હતા. કેવાં વેર રાખતા હતા. આ બધું હિસ્ટ્રીમાં મળે છે.' એ યોગ્ય નથી કે ભારતના લોકો ઈતિહાસની ઉપેક્ષા કરતા હતા. દેશમાં ઈતિહાસ સંકલનની પોતાની પરંપરા રહી છે. અમરકોશ અનુસાર ઈતિહાસનું નામ 'પુરાવૃત્ત' હતું. વિશ્વામિત્રએ શ્રીરામને પુરાવૃત્ત સંભળાવ્યું હતું.

બાળકો ભારતનું ભવિષ્ય છે. તેમને વિકૃત ઈતિહાસ ભણાવવો ખતરનાક છે. ઈતિહાસના પાઠોની રચના સતર્કતાપૂર્વક કરવી જોઈએ. એનસીઈઆરટીનો નિર્ણય આ દષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આખરે બાળકોને વિશ્વ રાજનીતિમાં અમેરિકી દબદબો ભણાવવાનો શો મતલબ, જ્યારે તે તો એક વિચાર માત્ર છે. ઐતિહાસિક તથ્ય પણ નથી. કથિત હિંદુ ચરમપંથીઓની ગાંધીજી પ્રત્યે નફરત પણ એક કલ્પના છે. તેને હટાવવા સર્વથા યોગ્ય જ છે. બેશક ભારતમાં વિવિધ રાજકીય વિચારધારાઓ છે. બધાને પોતાની વિચારધારા અનુસાર લોકમત બનાવવાનો અધિકાર છે, પરંતુ પોતાના મનનો ઈતિહાસ ઘડવો અને ભણાવવો અયોગ્ય છે. ડાબેરી ઈતિહાસકારોએ ઈતિહાસનું વિકૃતીકરણ કર્યું છે. એમ પણ, એનસીઈઆરટીનું આ પગલું પહેલું નથી. ૨૦૦૨માં પણ ઈતિહાસના વિષયવસ્તુને લઈને રાજકીય આરોપો લાગ્યા. એ સમયે કેન્દ્ર સરકાર પર શિક્ષણ અને ઈતિહાસના 'ભગવાકરણ'નો આરોપ લગાવવામાં આવ્યો હતો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

---

### લિકર પરમીટનો શરાબ લેવા જાવ છો! તો આધાર સહિત ત્રણ ID લેતા જજો, નહિ તો થશે ધક્કો

# અમદાવાદ સહિતની માન્ય લિકર શોપમાં ત્રણ આઈડી મંગાતા વિવાદ : ગુજરાત બહારના ટેમ્પરરી પરમીટ હોલ્ડરો ખાસ પરેશાન

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૧

એક તરફ ડિસેમ્બરની ઠંડી રંગ પકડી રહી છે તો બીજી તરફ હવે થર્ટી ફર્સ્ટના થસ્ટી લોકો શરાબ માટે વ્યવસ્થા કરી રહ્યા છે. તે સમયે તમો જો પરમીટ ધારક હો અને તમારો કવોટાનો લિકર એટલે કે શરાબ લેવા જાવ તો આધારકાર્ડ ઉપરાંત અન્ય બે આઈડી પણ લેતા જજો નહીતર ધકકો થશે.




અમદાવાદ સહિતના મહાનગરોની માન્ય લિકર શોપમાં અનેક પરમીટ ધારકોને આ પ્રકારના અનુભવ થયા છે. શરાબની આ માન્ય શોપ પર આ ડોકયુમેન્ટમાં કોઈપણ માન્ય છે. જેમાં આધાર, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ ચાલે છે અને આધાર એ સ્વીકાર્ય છે અને ખાસ કરીને જેઓ ગુજરાત બહારથી આવે છે અને પોતાની પરમીટ મેળવે છે તેઓ માટે આધાર એ સૌથી જરૂરી ડોકયુમેન્ટ છે.

પણ હવે તમો સંભવ છે બાકીના તમામ ડોકયુમેન્ટ સાથે લાવ્યા હોય તેવું બને નહી. હવે તેઓને આધાર સિવાય પણ અન્ય બે આઈડી રજુ કરવા કહેવાતા આ પ્રકારે ડોકયુમેન્ટ નહી લાવનારને ધકકો થાય છે અને જેઓ ગુજરાત બહારમાં તેઓને તો વધુ મુશ્કેલી પડે છે.

પરમીટ શોપ ધારકો કહે છે કે, આ સ્થિતિથી અમારો ધંધો ઘટે છે અને સરકારને પણ નુકશાન જાય જ છે. જેમાં ૩૦% જેટલા પરમીટ હોલ્ડરને શરાબ લીધા વગર પરત જવુ પડયુ હતુ. હોટેલ એન્ડ રેસ્ટોરા એસોસીએશન ઓફ ગુજરાતના પ્રમુખ નરેન્દ્ર સોમાનીનું સ્વીકાર્યુ કે, આ આઈડીનો ઈસ્યુ છે.

બીજી સમસ્યા રસપ્રદ છે. ભાવ વધતા મોટાભાગના ઉત્પાદકોએ ૭૫૦ મીલીની બોટલ ૭૦૦ એમ.એલ.ની કરી નાખી. હવે લાયસન્સ નિયમો તો ૭૫૦ એમ.એલ.ના છે તે અંગે પણ સરકારે સુધારો કરવો જોઈએ.

---

### પગની દબાતી નસ માટે સારવાર કરાવવા દાખલ થયેલા વૃદ્ધને મોટાભાગે વેન્ટીલેટર પર જ રખાયા

# અમદાવાદની ખ્યાતિ બાદ વધુ એક હોસ્પીટલ PMJAY વિવાદમાં સપડાઈ : ગીરગટડાના વૃદ્ધનુ મોત નિપજ્યું

**PMJAY હેઠળ કિડનીનો ઈલાજ કરવાની ના પાડી : પરિવારજનોના ચોંકાવનારા આરોપ : મામલો પોલીસમાં પહોંચ્યો**

અમદાવાદ,તા.૨૧

કેન્દ્ર સરકારની પીએમજેએવાય યોજનામાં નાણાં કમાવવા માટે દર્દીઓની બીનજરૂરી સારવાર, રીપોર્ટમાં ચેડા સહિતના કિસ્સા પ્રકાશમાં આવી જ રહ્યા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પીટલ બાદ હવે શેલ્બી હોસ્પિટલનુ નામ વિવાદમાં સપડાયુ છે.

પગની નસ દબાવવાની તકલીફને કારણે પીએમજેએવાય યોજના હેઠળ સારવાર માટે શેલ્બી હોસ્પીટલમાં દાખલ થયેલા ગીરગઢડાના વૃદ્ધનુ મોત નિપજયુ હતું. પરિવારજનોએ તબીબી બેદરકારીનો આરોપ લગાવ્યો છે.

અમદાવાદ નરોડાની શેલ્બી હોસ્પિટલમાં પીએમજેએવાય યોજના હેઠળ સારવાર લઈ રહેલા ૬૨ વર્ષના દર્દીના મૃત્યુને લઈને વિવાદ ઉભો થયો છે. પરિવારજનો ડોકટરની બેદરકારીનો આરોપ લગાવી રહ્યા છે.

નરોડામાં આવેલી શેલ્બી હોસ્પિટલમાં આ યોજના હેઠળ સારવાર આપીને ૬૨ વર્ષીય દર્દીનું ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ દર્દીની તબીયત બગડતી ગઈ અને થોડા દિવસોમાં તેમનું મૃત્યુ થયું.અમદાવાદના નરોડા વિસ્તારમાં શેલ્બી હોસ્પિટલમાં ૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ ગીર ગઢડાના એક ૬૨ વર્ષના વૃધ્ધ પગમાં તકલીફ થતા પીએમજેએવાય કાર્ડ હેઠળ સારવાર માટે દાખલ થયા હતા.




૧૨ ડિસેમ્બરના રોજ તેમનું મોત નીપજયું હતું. જેને લઈને પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, શેલ્બી હોસ્પિટલના ડોકટરોની બેદરકારીના કારણે વૃધ્ધના લીવર અને કિડની ખરાબ થઈ ગયા અને મગજનો લકવો થઈ ગયો હતો. જે બાદ દર્દીનું મોત થયું હતું.

મૃતકના પરિવારજને જણાવ્યું કે, નરોડાની શેલ્બી હોસ્પિટલના ડોકટરોની ભૂલના કારણે દર્દીનું મૃત્યું થયું. આ યોજના હેઠળ દર્દીને સારવાર માટે લાવવામાં આવ્યા છે, પરંતુ તકલીફ થાય છે એટલે ડોકટર છટકી જાય છે અને બીજી હોસ્પિટલમાં મોકલી આપે છે. પરિવારજનોનું કહેવું છે કે, હોસ્પિટલે પીએમજેએવાય યોજના હેઠળ કિડનીનો ઈલાજ કરવાની ના પાડી દીધી હતી અને સિવિલ હોસ્પિટલમાં જવા માટે કહ્યું હતું.

જોકે હોસ્પિટલે તમામ આક્ષેપોને ફગાવતા જણાવ્યું હતું કે, દર્દીની તબીયત ગંભીર હતી અને તેમણે શ્રેષ્ઠ સારવાર આપી હતી. હોસ્પિટલનું કહેવું છે કે, દર્દીને કોઈ અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા ન હતા. આ મામલે પોલીસ આગળની યોગ્ય તપાસ ચલાવી રહી છે.આ મામલે સ્થાનિક નરોડા પોલીસમાં અરજી પણ કરી છે. પગની નસ દબાવી હોવાની તકલીફ હોવાથી ઓપરેશન કર્યુ તેમ છતાં તેઓની વધુ તબીયત બગડી અને ૧૨ ડિસેમ્બરના રોજ તેમનું મોત થયું હતું. ૩૦ દિવસ સુધી તેઓને સારવાર કરી પરંતુ મોટાભાગનો સમય તેઓ વેસ્ટીલેટર પર જ રહ્યા છે. ભાનમાં આવ્યા જ નથી.

---

### રાજ્યની જિલ્લા અને નીચલી અદાલતોમાં પડતર કેસની કુલ સંખ્યા ૧૬,૯૦,૬૪૩: કાયદા અને ન્યાય રાજ્યમંત્રીનો રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

# ગુજરાત હાઇકોર્ટમાં ૧.૭૦ લાખ કેસ પેન્ડીંગ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૧

અત્યારે ગુજરાત હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ જેટલા કેસ પડતર છે, જ્યારે રાજ્યની જિલ્લા તથા નીચલી અદાલતોમાં ૧૬,૯૦,૬૪૩ કેસ પડતર છે. રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય (સ્વતંત્ર હવાલો) તેમજ સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્યસભાને આ માહિતી પૂરી પાડી હતી.




ગૃહમાં રજૂ કરાયેલા મંત્રીશ્રીના નિવેદન મુજબ, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં કુલ ૮૨,૬૪૦ કેસ પડતર છે, જ્યારે દેશની વિવિધ હાઈકોર્ટમાં કુલ ૬૧,૮૦,૮૭૮ કેસ પડતર છે અને દેશની જુદી-જુદી જિલ્લા તથા નીચલી અદાલતોમાં કુલ મળીને ૪,૬૨,૩૪,૬૪૬ કેસ હાલની તારીખે પડતર છે.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, ગુજરાત હાઈકોર્ટમાં જજની કુલ મંજૂર કરાયેલી ૫૨માંથી ૨૦ જગ્યા ખાલી પડી છે. જ્યારે ગુજરાતની જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની કુલ મંજૂર કરાયેલી ૧૭૨૦માંથી ૫૩૫ જગ્યા ખાલી પડી છે.

દેશની વિવિધ હાઈકોર્ટમાં જજની કુલ ૧૧૨૨ જગ્યા મંજૂર કરાયેલી છે, જેમાંથી ૩૬૮ જગ્યા આજે પણ ખાલી છે. જ્યારે આજની પરિસ્થિતિમાં દેશની વિવિધ જિલ્લા અને નીચલી અદાલતોમાં કુલ ૨૫૭૪૧ જજની સંખ્યા મંજૂર કરાયેલી છે. જેની સામે ૫૨૬૨ જગ્યા હજી ખાલી છે, તેવો મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમના નિવેદન મુજબ, ભારતની સુપ્રીમ કોર્ટમાં જજની મંજૂર કરાયેલી કુલ ૩૪માંથી ફક્ત એક જ જજની જગ્યા ખાલી છે.

શ્રી નથવાણી સર્વોચ્ચ અદાલત તેમજ દેશની વિવિધ હાઈકોર્ટ અને જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની ખાલી પડેલી સંખ્યા ઉપરાંત ભારતની સુપ્રીમ કોર્ટમાં તેમજ વિવિધ હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાં હાલ પડતર રહેલા કેસની સંખ્યા વિશે જાણવા ઈચ્છતા હતા.

---

# સુરતમાંથી ૧૫ કિલો સોનુ પકડાયું : વિદેશી માર્કાના બિસ્કીટ-ટુકડા તથા ભુક્કા સહિતનો જથ્થો શંકાસ્પદ લાગતા જપ્ત : બેની અટકાયત

સુરત, તા.૨૧

સુરત પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન ૮.૫૭ કરોડની કિંમતના સોના સાથે બે વ્યકિતની ધરપકડ કરી હતી. આ મામલે કસ્ટમ, જીએસટી તથા ઈક્રમટેક્સને પણ જાણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સેલેરીયો કાર મારફત સોનાનો જથ્થો પસાર થવાનો હોવાની બાતમીના આધારે સારોલી પોલીસ પોદાર સ્કૂલ પાસે વોચ ગોઠવી હતી અને વાહન ચેકિંગ શરૂ કરાયું હતું તે દરમ્યાન કારમાંથી કપડામાં છૂપાવેલું તથા બે વ્યકિતના ગંજી અને પેન્ટમાં સંતાડેલું ૧૪.૭૦



કિલો સોનુ મળ્યું હતું. આ સોનાની કિંમત ૮.૫૬ કરોડ થવા જાય છે.

પોલીસ પૂછપરછમાં આ વ્યકિતના નામ મગન ધનજીભાઇ ધામેલીયા તથા હિરેન ભટ્ટી હોવાનું બહાર આવ્યું હતું. પકડાયેલા સોનામાં ૧૪ બિસ્કીટ ઉપરાંત ટુકડા તથા ભુક્કો હતો. સોનાને ઓગાળવા માટે રીફાઈનરીમાં લઈ જતા હોવાનું કહ્યું હતું પરંતુ પોલીસને કોઈ દસ્તાવેજી પુરાવા ન મળતા કબ્જતે કરી લેવાયું હતું.

પોલીસના સૂત્રોએ કહ્યું કે સોનુ કોનું છે અને ક્યાં લઈ જવામાં આવતું હતું તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કસ્ટમ-ઈક્રમટેક્સ વિભાગને પણ જાણ કરવામાં આવી છે. પોલીસે સોનુ ઉપરાંત બે મોબાઈલ ફોન તથા કાર પણ જપ્ત કર્યા હતા. પકડાયેલા સોનાના બિસ્કીટ પર વિદેશી માર્કા હોવાનું માલુમ પડ્યું હતું.

---

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીથુન (ક,છ,ઘ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**મકર (ખ,જ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કુંભ (ગ,શ,સ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

---

## ફિલ્મી ગપશપ

### ઓટીટીનાં કલાકારોની ટીકા કરનાર.....

# ડેવિડ ધવનને પ્રતિક ગાંધીનો પડકાર : થિયેટરમાં આવો અને ઔકાત બતાવો

**'અગ્નિ'માં ફાયર ચીફની ભૂમિકા ભજવનાર પ્રતિક કહે છે - કોઈ બાબત નાની કે મોટી નથી**



મુંબઈ,તા.૨૧ :

એકટર પ્રતિક ગાંધી હાલ તેની ઓટીટી ફિલ્મ 'અગ્નિ'ને મળી રહેલા પ્રતિસાદ અને સફળતાથી હાલ ખુશ છે. રાહુલ ધોળકીયાએ ડિરેકટ કરેલી ફિલ્મ હાલ પ્રાઈમ વિડીયો પર સ્ટ્રીમ થઈ રહી છે. અગ્નિ ફાયર ફાઈટરના જીવન પર આધારીત ફિલ્મ છે. જેમાં પ્રતિક ગાંધી ફાયર સ્ટેશનના ચીફ વિઠ્ઠલરાવ ધોન્દુબા સર્વેનો રોલ કરે છે.

તાજેતરમાં પ્રતિક ગાંધીએ આ ફિલ્મ બાદ એક ઈન્ટરવ્યુમાં ફિલ્મની સફળતા અંગે વાત કરી હતી. તેણે કહ્યું 'મારા માટે આ ફિલ્મ એક આંખ ઉઘાડનારી ફિલ્મ હતી. આપણે આ બહાદુર લોકોને જોઈએ છીએ.જે લોકો અજાણ્યા લોકો માટે પોતાનાં જીવ જોખમમાં મુકે છે.પરંતુ આપણે કયારેય એમની બહાદુરીની નોંધ લેતા નથી.અગ્નિએ સુંદર રીતે એ કામ કર્યું છે. અને તેને જે પ્રતિસાદ મળ્યો છે તે જોઈને ખુબ આનંદ થાય છે. ઘણા લોકોનો એવો મત છે કે અગ્નિ જો મોટા પડદે રીલીઝ થઈ હોત તો લોકોને વધુ મજા આવી હોત. આ અંગે પ્રતિકે કહ્યું કે હું સહમત છું કે જો થીયેટરમાં રીલીઝ થઈ હોત તો લોકોને અલગ અનુભવ મળ્યો હોત.જોકે મારે એ પણ સ્વીકારવુ જોઈએ કે ઓટીટીના કારણે ફિલ્મને ઘણી સફળતા મળી છે તેનાં કારણે અમે બહુ બહોળા દર્શક વર્ગ સુધી પહોંચી શકયા છીએ. ત્યાં પણ આ ફિલ્મ પહોંચી શકી છે તેથી હું ખરેખર ખુશ છું કે ફિલ્મ ઓટીટી પર આવી.

થોડા વખત પહેલા ફિલ્મ ડીરેકટર ડેવીડ ધવને ઓટીટીનાં કલાકારોની ટીકા કરતા કહ્યું હતું કે થીયેટરમાં આવો અને તમારી ઔકાત બતાવો. આ નિવેદન અંગે પ્રતિસાદમાં પ્રતિકે કહ્યું મને ખબર નથી એમણે આ વાત કયા સંદર્ભે કહેલી.પરંતુ એક કલાકાર તરીકે હું દરેક માધ્યમ પર કામ કરવા માંગુ છું એમ તો લોકો એવુ પણ કહે છે કે તમે બે કલાકમાં પડદા પર કામ કરી લો છો તો ખરા દર્શક સામે રંગમંચ પર આવીને ૨ કલાકનું નાટક કરી બતાવો.કોઈપણ પણ કહી શકે છે પરંતુ એનો અર્થ એવો નથી કે એક બાબત નાની છે અને બીજી મોટી છે.દરેક માધ્યમનાં પોતાના પડકારો હોય છે અને મને દરેક માધ્યમમાં કામ કરવુ ગમે છે.

# પોલીસ માટે સાયબર ક્રાઈમ મોટો પડકાર, લોકો જાગૃત થાય

# રાજ્યમાં મોડી રાત સુધી મહિલાઓ સુરક્ષિત ફરે છે, તેની સુરક્ષાની જવાબદારી મારી છે : ડિજીપી

**એક મહિનામાં સૌથી વધુ 'ફ્રોડ'ની રકમ પરત અપાવવામાં ગુજરાત પોલીસ 'અવલ્લઃ 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટમાં ગયા મહિનામાં ૫૭૦ પ્રોગ્રામ યોજાયા, ૧૭.૪૭ કરોડ મુદામાલ મૂળ માલિકને આપ્યો પરત**

**સાયબર ક્રાઇમ, મહિલા સુરક્ષા,નાર્કોટિક્સ સહિત તમામ બાબતોની ઊંડાણ પૂર્વક ચર્ચા,નવા પડકાર સામે રોડ મેપ બનાવવા મનોમંથન કરાયું**

**પ્રજાજનોની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખી ગુજરાત પોલીસના ત્રણ પ્રોજેકટ તેરા તુઝકો અર્પણ,ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી અને મેન્ટર પ્રોગ્રામ કાર્યરત**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૧

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં રાજકોટ પોલીસ કમિશનર કચેરી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાજ્યના તમામ નવ રેન્જ આઈ.જી અને ૪ મહાનગરોના પોલીસ કમિશનર હાજર હતા.ક્રાઈમ કોન્ફોરન્સમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને ગુનાખોરીના આંકડાની સમીક્ષા કરવામાં આવી હતી.

કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ ડીજીપી વિકાસ સહાય દ્વારા પત્રકાર પરિષદ યોજી રાજ્યની લો એન્ડ ઓર્ડરની હાલ શું સ્થિતિ છે તે અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સાંજના સમયે રાજકોટ રેન્જ આઈ.જી કચેરી ખાતે મુલાકાત કરી ઈન્સ્પેક્શન કર્યું હતું. તેમજ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય રાત્રિ રોકાણ સર્કિટ હાઉસમાં કર્યું હતું.

ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું હતું કે, ક્રાઈમ કોન્ફોરન્સમાં પાછલા મહિનાની સમીક્ષા કરવામાં આવી છે. પાછલા મહિના દરમિયાન ગુજરાતના તમામ એકમોમાં સરાહનીય કામગીરી થઈ છે. પોલીસ સામે પડકારો અનેક છે મુખ્યત્વે સાયબર ક્રાઈમ, મહિલા સુરક્ષા, નાર્કોટિક્સ સહીત તમામ બાબતોની ઊંડાણ પૂર્વક ચર્ચા કરવામાં આવી છે.

આ ઉપરાંત વ્યવસ્થાને વધુ વેગ આપવા ચર્ચા કરવામાં આવી છે અને નવો રોડ મેપ બનાવવા મંથન કરીએ છીએ. હાલમાં ગુજરાત પોલીસે ત્રણ પ્રોજેક્ટ ચાલુ કર્યા છે જેની દરેક જગ્યાએ ચર્ચા થાય છે જેમાં પ્રથમ છે તેરા તુજકો અર્પણ પ્રોજેક્ટ જેમાં ગત મહિના દરમિયાન ૫૭૦ પ્રોગ્રામનું આયોજન કરી ૧૭.૪૭ કરોડ મુદામાલ પાછા આપવામાં આવ્યા છે.

બીજો પ્રોજેક્ટ રાજયમાં નાગરિકોના પ્રશ્નોનું સીધુ નિરાકરણ આવે અને પોલીસની સમાજ પાસે અપેક્ષાઓ, માહિતીની જાણકારી તેમજ અન્ય પોલીસ કાર્યવાહીમાં મદદરૂપ થઈ શકાય તે માટે દર બે માસે પોલીસ સ્ટેશન,આઉટ પોસ્ટ/ચોકી અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા અલગ-અલગ સમુદાયના નાગરિકો સાથે મીટીંગ કરી ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી અન્વયે ચર્ચા કરી મીટીંગને લગતી વિગતો અને મીટીંગના મુદ્દા તથા થયેલી ચર્ચાની મીનીટ્સ નોટ્સ તૈયાર કરી આ પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે.ગત મહિને કુલ ૧૪૨૮ પ્રોગ્રામ કરવામાં આવ્યા જેમાં સ્થાનિક મુદ્દાની ચર્ચા કરવામાં આવી હતી.

ત્રીજો પ્રોજેક્ટ છે જેમાં એક કરતા વધુ વખત ગુનાહિત પ્રવૃત્તિમાં જોડાયેલ આરોપીઓ માટે મેન્ટર પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં માદક પદાર્થના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ડ્રગ્સ મુક્ત કરવા મેન્ટર પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.



જેમની પર એક પોલીસ મૂકી તેના પર ધ્યાન રાખવામાં આવશે કે તે ફરીવાર એડિકટ ન બને. કુલ ૮૬૪૦ આરોપીઓ છે.

જેમાં એક આરોપીઓ ઉપર એક પોલીસને જવાબદારી સોંપવામાં આવી છે એટલે કે ૮૬૪૦ પોલીસને આ આરોપીઓની જવાબદારી આપી છે તેઓ ફરી કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ન કરે તે માટે જવાબદારી તેમની રહેશે. ઉપરાંત સાયબર ક્રાઈમ એ પોલીસ માટે મોટો પડકાર છે. એક મહિનામાં સાયબર ફ્રોડની ૧૪.૭૮ કરોડ રકમ ગુજરાત પોલીસે લોકોને પરત અપાવી છે

જે ભારતમાં સૌથી વધુ ફ્રોડની રકમ પરત અપાવવામાં ગુજરાત રાજ્ય અવ્વલ રહ્યું છે જે ગર્વ લેવા જેવી વાત છે અને ચાલુ વર્ષ દરમિયાન કુલ ૧૦૮ કરોડથી વધુ રકમ લોકોને પરત અપાવવામાં આવી છે. લોકોને એક જ સંદેશો આપવો છે કે તમારી એક ભૂલથી સાયબર ફ્રોડનો શિકાર બની શકો છો. હાલ સમગ્ર રાજ્યમાં સાયબર પોલીસ દ્વારા સાયબર અવેરનેસ પોગ્રામ કરવામાં આવી રહ્યા છે ત્યારે લોકોને એટલું જ કહેવું છે કે કોઈ લોભ લાલચમાં આવી અજાણ્યા મેસેજ કે કોલ ઉપાડવા નહિ અને કોઈ લિંકને ખોલવી નહિ.

જયારે અમદાવાદમાં બનેલી ઘટના અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, પોલીસ હાજરીમાં ખુલ્લી તલવાર સાથે દાદાગીરી કરતી ઘટનામાં પોલીસે તરત કાર્યવાહી કરી છે. રાત્રે જ કેટલાક પોલીસના અધિકરી પહોંચી ગયા હતા. જે પોલીસે પોતાની કામગીરી ચૂક રાખી છે તેવા અમુક સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં બનેલી ઘટના દુઃખદ છે.

જે કોઈ પ્રશ્ન ઉભા થાય બધામાં પરિસ્થિતિ અલગ હોય છે હું આશ્વાસન આપવા માંગુ છું. દરેક લોકોની સુરક્ષા પોલીસની જવાબદારી છે દરેક લોકો માટે પોલીસના દરેક વિભાગના અધિકારીઓ સમીક્ષા કરે છે.અમદાવાદ પોલીસની કામગીરી પણ ખુબ સારી છે. કોન્ફોરન્સ દરમિયાન આંકડા મુજબ ક્રાઈમ રેટમાં ઘટાડો થયો છે.

## એક મહિનામાં ૫૦૦ ફરાર ગુનેગારને પકડ્યા,૩૨ કરોડના દારૂનો નાશ કર્યો

ડિજીપીએ જણાવ્યું હતું કે, પોલીસે પાછલા મહિને નાસ્તા ફરતા આરોપી માટે કાર્યવાહી કરવામાં આવી જેમાં એક મહિનામાં ૫૦૦ થી વધુ નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જ્યારે ૧૭૧ દારૂના કેસમાં સંડોવાયેલ આરોપીઓને પણ પકડી પાડવામાં આવ્યા છે. એટલું જ નહિ વ્યાજખોરો સામે પણ કડક કાર્યવાહી કરી એક મહિનામાં ૩૮ વ્યાજખોરો સામે કાર્યવાહી કરી ૬૦ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જયારે દારૂનો નાશ કરવાની કાર્યવાહીમાં ગત મહિને ગુજરાત પોલીસે કુલ ૩૨ કરોડ કિંમતના દારૂનો નાશ કરવામાં આવ્યો છે.

## ગત વર્ષ કરતા ચાલુ વર્ષે ગુનામાં ઘટાડો જોવા મળ્યો

ચાલુ વર્ષે ગુનામાં ઘટાડો જોવા મળ્યો છે.જેમાં હત્યાના ગુનામાં ૩૪, હત્યા કોશિશના ૬૩, સામાન્ય ઇજા ૧૯૬, લૂંટ ૩૬, ચોરી ૩૮૫૩, દિવસના ઘરફોડ ચોરીના ૬૬, રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી ૪૧૨, પોક્સોમાં ૫૦ અને એટ્રોસિટી ૭૧ કેસનો ઘટાડો થવા પામ્યો છે જયારે એનડીપીએસના ૧૨ ગુના વધારે દાખલ કરવામાં આવ્યા છે. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. નવા કાયદામાં દંડ બદલે ન્યાય ઉપર મહત્વ આપવામાં આવ્યું છે, ટેક્નોલોજીનો ઉપયોગ કરી કેસ સ્ટ્રોંગ બનાવવા વધુ સજા અપાવવા કામ કરવામાં આવે છે. પંચનામા કામગીરીમાં ઈ-સાક્ષીનો ઉપયોગ થાય તે માત્ર ખાસ વધુ અસરકારક રીતે કામ કરવા સૂચના આપવામાં આવી છે.

## રાત્રીના ૭ થી ૧૧ વાગ્યાની વચ્ચે વધુ શરીર સબંધી ગુનાઓ બને છે

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે વધુમાં જણાવ્યું હતું કે,રાત્રી દરમિયાન જ ગુનાહિત પ્રવૃત્તિ થાય તેવું કહી ન શકાય કારણ કે, એક ડેટા મુજબ સાંજના ૭ થી ૧૧ વાગ્યા સુધી શરીર સંબધીત ગુના બનતા હોવાનું સામે આવ્યું છે. રાત્રી દરમિયાન હોટેલ રેસ્ટોરન્ટ બંધ ન કરવા જોઈએ કારણ કે ગુજરાત સૌથી સુરક્ષિત રાજ્ય છે દરેકને રાત્રી દરમિયાન ખુલ્લીને છૂટથી ફરવાનો હક છે. દરેક નાગરિકની સુરક્ષા મારી જવાબદારી છે અને એ મારી જવાબદારી હું સ્વીકારું છું.

## અરજીઓના આધારે તપાસ કરી કાર્યવાહી થઈ શકે છે, પ્રમાણ વધુ હોવાથી ત્વરિત તપાસ કરવા સૂચના

રાજ્યમાં ક્રાઈમ રેટ ઘટયાનો ડિજીપીએ વાત કરી હતી. પરંતુ તેની સામે અરજીઓનું પ્રમાણ ખૂબ જ વધું છે, તેવા સવાલ અંગે ડીજીપીએ જણાવ્યું કે પોલીસ સ્ટેશનમાં જે અરજીઓ આવતી હોય છે તે અલગ અલગ પ્રકારની હોય છે. જેમાં મુખ્યત્વે કાયદો-વ્યવસ્થા, ક્રાઈમ બાબતની હોય છે. જે અરજીમાં લાગતું હોય કે ગંભીર પ્રકારના ગુના બન્યા છે તો તેવી અરજીઓમાં પોલીસ દ્વારા ત્વરિત એફઆઈઆર કરવામાં આવે છે. બાકીની અરજીઓમાં ત્વરિત તપાસ થાય,અરજી આપ્યા પછી અન્ય કોઈ બનાવ ન બને,સામાવાળા સામે અટકાયતી પગલાં લેવામાં આવે તે માટે પોલીસને સૂચના આપવામાં આવી છે.અરજી બાબતે પુછાયેલ પ્રશ્ર્નમાં ડિજીપીએ કહ્યું હતું કે, અરજીના આધારે તપાસ થઈ શકે છે, જરૂર પડ્યે તેમાં ગુનો પણ દાખલ કરવામાં આવે છે.

# સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલો લાગે છે.કુંતાય દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુખાય નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય?વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે,તેથી તેને હું મારી સંપત્તિ માનું છું.સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે. હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તમારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે.ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ વિદ્યામદ,યૌવનમદ, દ્રવ્ય મદ્દ, અધિકારમદ.આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છેકે પ્રોફેસર છું પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી!ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે? ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છે અને મારું અપમાન કરે છે.

આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે!

મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે.

કુંતાજી કહે છે કે,જ્યારે તમે ગોકુળ માં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલ સ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી.એ વખતે યશોદા એ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છેતે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય.

મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે.પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે.

સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે.

ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે. કુંતાજીના મહેલમાં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે,શ્રીકૃષ્ણ મારાસખા છે. મારા માટે પાછા આવ્યા છે.

કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભીરહી એટલે પાછા આવ્યાછે

દ્રૌપદી કહે,ના રે,શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે.

સુભદ્રા કહે છે,તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું.એટલે મારા માટે તેઓપાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે.


પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં.એતો સર્વથી ન્યારો છે.શ્રીકૃષ્ણ કહે છે હું કોઈ સગાઈ ને માનતો નથી.માત્ર પ્રેમ સગાઈમાં માનું છું.હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું.મને ભીષ્મ યાદ કરે છે.

ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે.તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે.સંતનો જન્મ આપણા જેવો હોય છે,તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી.પરંતુસંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણ તિથિ ઊજવાય છે. ભીષ્મ પિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિઓ ત્યાં આવ્યા છે.

ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહે છે.બધા બાણ ગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે.બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે.તેમણે કાળને કહ્યું હું,હું તારો નોકર નથી મારા શ્રીકૃષ્ણનો સેવક છું. મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે જરૂર આવીશ. પણ તેઓ કેમ હજુ દેખાતા નથી? મારા નારાયણ આવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ. આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે.ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે.મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે.ભીષ્મે ભગવાન ને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી,આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી. દાદાજી,બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે.આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું, ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે.હું અખંડ સૌભાગ્ય નું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને!

શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે દાદાજી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજે ને ભાનુમતિ કહે, ભલે,તો કાલે ડોસા ને ગમે ત્યારે મળાશે.પછીશ્રીકૃષ્ણે દ્રૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા.

ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે.આજે ભગવાન દ્રૌપદી ના ખવાસ થઈને આવ્યા છે દ્વારપાળે અટકાવ્યા.પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે,અખંડ સૌભાગ્યવતી ભવ દ્રૌપદી બોલી, દાદાજી,તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે,સાચા હૃદયથી નહીં. સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે?હા, શ્રી કૃષ્ણનું જ આ કામ ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા.શ્રીકૃષ્ણને કહે, આજે તો હું આપનું ધ્યાન કરું છું પણ અંત કાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવ જો!તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મપિતા ને વચન આપેલું કે હું જરૂર આવીશ તેમને આપેલું એ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે, પણ અંતકાળે દુઃખથી દેહન સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ ભીષ્મપિતા શ્રીકૃષ્ણ ની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છેકે,મને બેસવાનું પણ નહીં કહે?પુંડલિક ની સેવા મને યાદ આવે છે. નુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે.મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની મેં કદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે.




રોજ પ્રાર્થના કરો કે, નાથ,મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો.શ્રીકૃષ્ણ કહે, દાદા, આ ધર્મરાજાને થાય છે કે મેં બધા ને માર્યા છે. મારે લીધે સર્વ નાશ થયો!નમને શાંતિ મળે તેવો ઉપદેશ આપ કરો.

ભીષ્મપિતા કહે છે,ધર્મરાજાની શંકાનું સમાધાન પછી કરીશ. પહેલાં મારી એક શંકાનું સમાધાન કરો.મારા પ્રશ્નનો જવાબ આપો. મારું જીવન નિષ્પાપ છે, મારું મન પવિત્ર છે,મારું તન વ્યવિત્ર છે મારી ઈન્દ્રિયો પવિત્ર છે,છતાં આજે મને આ સજા કેમ થાયછે? મારે બાણની શૈયા ઉપર સૂવું પડ્યું છે.મને અતિશય વેદના થાય છે.હું નિષ્પાપ છું છતાં મને આ સજા કેમ? કેમ સજા કરો છો?ત્યારે ભગવાન કહે છે, દાદાજી, આપે પાપ કર્યું નથી તે વાત સાચી છે. તેથી તો હું આપને મળવા આવ્યો છું. પાપ કર્યું નથી, પણ આંખથી પાપ જોયું છે.આપે પાપ જોયું તેની સજા છે. કોઈ પાપ કરે તે તમે જુઓ તો એ પણ પાપ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત .. અસ્તુ

### રોડના કામની ૧૧ માસની સમય મર્યાદા જયારે ૧૦ મહિના થવા આવ્યા છતાંય તંત્ર ગાઢ નિદ્રામાં

# ધારપુરા-ઇન્દ્રપ વાયા વેલાકુઈ રોડનું બે-બે વાર જંગલકટિંગ સહિતનું કામ કરાયું,પણ રોડની કામગીરી હજુય જેસે થે!!

(ગરવી તાકાત) બેચરાજી તા.૨૧

દેલવાડા, ધારપુરા-ઈન્દ્રપ વાયા વેલાકુઈ રોડને મંજૂરી તેમજ વર્ક ઓર્ડર આપ્યા બાદ બે-બે વાર જંગલકટિંગ સહીતની કામગીરી કરવામાં આવી છે.જયારે રોડ બનાવવાની દિશામાં તંત્ર દ્વારા હજુય આળસ ધરવામાં આવી રહી છે.રોડના કામ માટે ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો જેને આજે ૧૦ મહિના થવા આવ્યા છતાંય રોડની મેટલ, ડામર સહીતની કામગીરી શરૂ કરાઈ નથી જયારે ટેન્ડરની અવધ ૧૧ મહિના હોવાના કારણે રોડની ગ્રાન્ટ રિવર્સ જેના કારણે ધારપુરા, ઈન્દ્રપ,ચડાસણા તેમજ વેલાકુઈ સહીતના ગામોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.જયારે આગાઉ પણ સ્થાનિક પંચાયતો દ્વારા વિવાદવાડી જગ્યાનું કામ હાલ પૂરતું કામ બાકી રાખી જયારે બાકી કામ



સત્વરે પૂર્ણ કરવા અનેક વાર મૌખિક તેમજ લેખિત રજુઆત કરવામાં આવી છે.છતાંય નઘરોળ તંત્રને મન માથેય નથી.જે બાબતે ધારપુરા પૂર્વ સરપંચ વિરસંગ સોલંકીએ જણાવ્યું હતું કે કાર્યપાલક ઈજનેર તેમજ કોન્ટ્રાકટરને વારંવાર રજુઆત કરવા છતાં પણ આજે રોડના કામને ૧૦ મહિના થવા આવ્યા છતાંય કામગીરી નહિવત છે.જયારે બે-બે વાર જંગલ કટિંગ કરવામાં આવ્યું છે. જયારે હાલ ચોમાસામાં ચાર મહિના આ રસ્તાની હાલત એવી થાય છે કે ત્યાંથી પસાર થવું ખુબ જ મુશ્કેલ ભર્યું બની જાય છે.જયારે આ રોડ મંજુર કરાવવા માટે અમે ત્રણ પંચાયત દ્વારા અનેક પ્રયાસો કર્યા છે.જેના કારણે મંજૂરી મળી હતી ત્યારે હાલ રાજકીય ઈછારે રોડની

**રોડના કામ માટે ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો જેને આજે ૧૦ મહિના થવા આવ્યા છતાંય રોડની મેટલ, ડામર સહીતની કામગીરી શરૂ કરાઈ નથી જયારે ટેન્ડરની અવધ ૧૧ મહિના હોવાના કારણે રોડની ગ્રાન્ટ રિવર્સ જેના કારણે ધારપુરા, ઈન્દ્રપ,ચડાસણા તેમજ વેલાકુઇ સહીતના ગામોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.**

કામગીરી અટકાવી હોય એમ સ્પષ્ટ જણાઈ રહ્યું છે.તો હાલમાં સત્વરે કામગીરી શરૂ કરવામાં આવે તેવી અમારી માંગ છે.

આ બાબતે કાર્યપાલક ઈજનેર મહેસાણાનો સંપર્ક કરાતા અગાઉ પણ તેઓએ એમ કહ્યું હતું કે મટીરીયલ કોન્ટ્રાકટરને મંગાવવાનું કહી દીધું છે.થોડા દિવસમાં કામગીરી શરૂ કરી દઈશું જયારે ૧૫ દિવસ બાદ ફરી તેઓનો સંપર્ક કરાતાં તાલુકામાં અન્ય રોડનું કામ શરૂ હોઈ હજુય રોડની કામગીરીને વિલંબ પડશે..

કંટ્રકશન, કડીને ટેન્ડર મળ્યું હતું જયારે એજન્સીના એન્જીનીયર તેમજ કોન્ટ્રાકટરને તો છેલ્લા ૧૦ દિવસથી સંપર્ક કરવાનો ચાલુ છે.પણ એકવાર પણ સંપર્ક થઈ શક્યો નથી...

**હવે બર્થ ડે,એનિવર્સરી અને લગ્ન પ્રસંગને યાદગાર બનાવવા માટે વ્યક્તિગત માય સ્ટેમ્પ બનાવો - સૌજન્ય ભારતીય ટપાલ વિભાગ**

## માત્ર ૩૦૦માં મળશે ૧૨ વ્યક્તિગત ટપાલ ટિકિટ, ઉ.ગુ. પરિક્ષેત્રના તમામ હેડ પોસ્ટ ઓફિસમાં સુવિધા ઉપલબ્ધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૧

આજકાલ દરેક વ્યક્તિ પોતાના જન્મદિન, લગ્ન, એનિવર્સરી અથવા નિવૃત્તિની ખાસ પળોને યાદગાર બનાવવાના માટે કંઈક અનોખું કરવું ઈચ્છે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા જીવનના આ મહત્વપૂર્ણ ક્ષણો પર ટપાલ ટિકિટ પણ બહાર પાડી શકાય છે? હા, હવે આ સંભવ છે. આ સંદર્ભમાં માહિતી આપતા સાબરકાંઠા પોસ્ટલ ડીવીઝન, હિંમતનગરના સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ જણાવ્યું કે, ભારતીય ટપાલ વિભાગની 'માય સ્ટેમ્પ' સેવા અંતર્ગત લોકોના જીવનના સુંદર પળોને સુંદર રીતે ટપાલ ટિકિટ પર સ્થાન આપવું શક્ય છે અને આ પળોને ટપાલ ટિકિટો દ્વારા હંમેશાં માટે યાદગાર બનાવવું પણ શક્ય છે. હિંમતનગર હેડ પોસ્ટ ઓફિસમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી



છે.

સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ જણાવ્યું કે, ૫ રૂપિયાની ટપાલ ટિકિટ પર નવજાત શિશુ, બર્થડે બોય અથવા બર્થડે ગર્લ, નવવિવાહિત યુગલની સુંદર તસ્વીરો, એનિવર્સરીના ઉજવણીઓથી લઈને નિવૃત્તિ સુધીના પળોને માય સ્ટેમ્પ દ્વારા સજાવી શકાય છે. આ ટપાલ ટિકિટને દેશભરમાં કોઈપણ પત્રના આદાનપ્રદાન માટે ઉપયોગમાં લઈ શકાય છે. માત્ર ?૩૦૦ના ખર્ચમાં ૧૨ ટપાલ ટિકિટોની એક શીટ બનાવી શકાય છે. હેપ્પી બર્થડે, હેપ્પી મેરેજ, હેપ્પી એનિવર્સરી અને હેપ્પી રિટાયરમેન્ટ ની થીમ પર માય સ્ટેમ્પની સીટ ઉપલબ્ધ છે.

સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ કહ્યું કે, આજની યુવા પેઢી સેલ્ફીની દીવાની છે. આ સેલ્ફી પર પણ 'માય સ્ટેમ્પ'ના માધ્યમથી ટપાલ ટિકિટ જારી કરી શકાય છે. માય સ્ટેમ્પને એક સુંદર ભેટ તરીકે પણ આપી શકાય છે. જો તમે કોઈને આદર સમ્માન આપો છો,તો પર્સનલાઈઝ્ડ માય સ્ટેમ્પ દ્વારા આ આદર સમ્માન દર્શાવી પણ શકો છો. પર્સનલાઈઝ્ડ કરેલ માય સ્ટેમ્પ પહેલ ખરીદદારોને સ્ટેમ્પ શીટમાં તેમના પોતાના ફોટોગ્રાફ્સ અથવા લોગો ઉમેરવાની મંજૂરી આપે છે જે યાદગાર પ્રસંગો/ઈવેન્ટ્સ સાથે વ્યક્તિગત જોડાણ ઓફર કરે છે.

## સુઇગામ તાલુકા પંચાયતની મનરેગા શાખાના ગુલ્લીબાજ ૬ કર્મચારીઓને TDOએ કારણદર્શક નોટિસ ફટકારી

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૧

સુઈગામ તાલુકા પંચાયતની મનરેગા શાખામાં શનિવારે કોઈપણ જાતની રજા મંજૂરી સિવાય ગેર હાજર રહેનાર ૬ કર્મચારીઓને તાલુકા વિકાસ અધિકારીએ કારણ દર્શક નોટિસ ફટકારી કચેરીમાં બિન અધિકૃત પરવાનગી વગર ગેર હાજર રહેવા સબબ તમામને લેખિતમાં ખુલાસો આપવા જણાવવામાં આવતા અન્ય ગુલ્લીબાજ કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે,

સરહદી સુઈગામ તાલુકામાં બદલી થાય એટલે કોઈપણ વિભાગના કર્મચારીને એમ કે સજામાં મુકવામાં આવ્યા,પણ અહીં આવ્યા પછી કોઈપણ વિભાગમાં એવા તો જામી જાય કે અહીંથી બદલી કરવાનું ના વિચારે એમાં પછી તો એમ કે અમે જ અમારા અધિકારી ઉપલા અધિકારીની દરકાર કર્યા સિવાય મનમાની ઉપર ઉતરી આવતા હોય




છે,આમ તો છેલ્લા કેટલાય સમયથી તાલુકાની કચેરીઓમાં અલગ અલગ વિભાગોના કર્મચારીઓ મનમાની કરતાં જોવા મળે છે, પણ શનિવારે તો સુઈગામ તાલુકા પંચાયતમાં મહિલા ર્ઢુ હાજર હોવા છતાં મનરેગા શાખાના એ.પી.ઓ સહિત ૬ કર્મચારીઓ મનમાની કરી ગેરહાજર જણાતાં આ અંગે એક જાગૃત નાગરિકે ફેસબુક લાઈવ કરી ઓફિસના કર્મચારીઓની મનમાની સામે સવાલ ઉઠાવતાં આખરે તાલુકા વિકાસ અધિકારીએ મનરેગા શાખામાં કોઈપણ જાતની પરવાનગી લીધા સિવાય કચેરીમાં બિન અધિકૃત ગેરહાજર અને ફરજમાં નિષ્કાળજી અને મનસ્વી વર્તન બદલ એક દિવસની રજા પગારી કેમ ન કરવી? તે અંગેનો લેખિત ખુલાસો આપવા સાથેની કારણ દર્શક નોટિસ ઈસ્યુ કરતા ગુલ્લીબાજ કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો, તાલુકામાં કામ અર્થે આવનાર અરજદારોને ધરમ ધક્કો ના પડે એ માટે સુઈગામ તાલુકા વિકાસ અધિકારીએ તમામ કર્મચારીઓ ઉપર કડકાઈ દાખવવાની જરૂર છે.

## મહેસાણામાં 'વિશ્વ ધ્યાન દિવસ' અંતર્ગત શિબિર સંપન્ન થઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ધ્યાન અને યોગનું મહત્વ વૈશ્વિક સ્તરે પણ વધુ પ્રસરે અને લોકો તેને વધુ સમજે અને અપનાવે તે માટે અનેકવિધ પ્રવ્રુતિઓ કરવામાં આવી રહી છે.ધ્યાનના મહત્વને જન-જન સુધી પહોંચાડવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપક્રમના ભાગરુપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સ્થાનિક યોગ સહિતની વિવિધ સંસ્થાઓના સહયોગથી સમગ્ર રાજયમાં ૪૦ સ્થળોએ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૈકી આજરોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ રમત ગમત યુવા અને સંસ્કૃતિ પ્રવૃતિ ઓ વિભાગ અંતર્ગત વિશ્વ ધ્યાન દિવસ શિબિર ડિસેમ્બર ૨૦૨૪ જીલ્લો મહેસાણા કમળાબા હોલ સાર્વજનિક સ્કુલ મહેસાણા ખાતે સંપન્ન થઈ હતી.




શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કોઓર્ડીનેટર શ્રી અજીતભાઈ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ જેમાં જિલ્લા કોર્ડીનેટર ગૌતમભાઈ પ્રજાપતિ તથા તેમની જિલ્લા યોગટીમે પુરી જહેમત ઉઠાવી હતી. અતિથિ તરીકે પતંજલિ યોગ સમિતિના ઈશ્વરભાઈ ચૌધરી, માઈન્ડ પાવરના મોટીવેશનલ સ્પીકર રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ધ્યાન શિબિર માટે શિવ કૃપાનંદ સ્વામી ફાઉન્ડેશન સમર્પણ ધ્યાન ગ્રુપ ના મીનાબેન પટેલ, વિપુલભાઈ પટેલ દ્વારા મહેસાણા વાસીઓને ધ્યાન કરાવ્યું હતું ધ્યાન શિબિરમાંબધા લોકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### પ્રાંતિજના મોયદ ગામે વર્ષોથી રહેતા ગૃહસ્થે એવી તે અનોખી પત્રિકા

## યુનિક પત્રિકામાં તમામ ધર્મોની પ્રાર્થના મંત્ર સહિત દેશભક્તિની વાતો અંકિત કરાય છે

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૧

સામાન્ય રીતે લગ્ન પ્રસંગમાં આમંત્રણ પત્રિકા નું વિશેષ મહત્વ હોય છે જોકે હાલમાં ચાલી રહેલી લગ્ન સિઝન દરમિયાન સાબરકાંઠાના પ્રાંતિજના મોયદ ગામે વર્ષોથી રહેતા ગૃહસ્થે એવી તે અનોખી પત્રિકા બનાવી છે કે જેની ચર્ચા આજે સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાત ભરમાં થઈ રહી છે આ યુનિક પત્રિકામાં તમામ ધર્મોની પ્રાર્થના મંત્ર સહિત દેશભક્તિની વાતો અંકિત કરાય છે જેના પગલે લગ્ન બાદ પત્રિકા પસ્તીમાં જતી હતી તેની જગ્યાએ પ્રાંતિજના મોયદ ગામની લગ્ન પત્રિકા સંભારણું બની રહે તો નવાઈ નહીં. સાબરકાંઠાના પ્રાંતિજના ગામે આગામી ૨૨મી ડિસેમ્બરના રોજ જયેશભાઈ પટેલના દીકરા મોનીલનું લગ્ન છે ત્યારે જયેશભાઈએ સમગ્ર ગુજરાતમાં યુનિક કહી શકાય તેવી લગ્ન પત્રિકા બનાવી છે ૪૦ પેજ ની આ લગ્ન પત્રિકામાં મોટાભાગના ધર્મ ની પૂજા આરતી વેદ સહિત મંત્રોચ્ચાર અને દેશભક્તિ તેમજ રાષ્ટ્રપ્રેમ જાગૃત કરનારી બાબતોનું આલેખન




(તસ્વીર-અહેવાલ : ચિરાગ મેઘા સાબરકાંઠા)

પત્રિકામાં કર્યું છે એક તરફ પાશ્ચાત્ય સંસ્કૃતિના પગલે બિનપ્રતિદિન ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રહારો થઈ રહ્યા છે તો બીજી તરફ સાબરકાંઠાના પ્રાંતિજના મોયદ ગામના જયેશભાઈ પટેલે એવી તો લગ્ન પત્રિકા બનાવી છે કે લગ્નના હજુ બે ત્રણ દિવસની વાર હોવા છતાં અત્યારથી જ લોકો તેમના ઘરે આવી રહ્યા છે સાથોસાથ તેમની ફોન કોલ કરી અભિનંદન પાઠવી રહ્યા છે જોકે જયેશભાઈ એ જણાવ્યું હતું કે લગ્ન પત્રિકા નો વિચાર આવ્યા બાદ તેમની યુનિક લગ્ન પત્રિકા બનાવવા માટે પરિવાર સાથે બેસીને નિર્ણય કર્યો હતો કે આપણા દીકરાના લગ્નની પત્રિકા અન્ય ના લગ્નની પત્રિકાની જેમ બે દિવસ બાદ પસ્તીમાં ન જતા લાંબા સમય સુધી સચવાઈ રહે તેમ જ તેમાંથી ધર્મ અધ્યાત્મક ની વાત ઘરકુટુંબ અને બાળકો સુધી જાય તે માટેનો પ્રયાસ કર્યો છે અને તેમાં તેમને વિશેષ સફળતા પણ મરી છે. સામાન્ય રીતે જયારે લગ્નની પત્રિકા કોઈપણ વ્યક્તિના ઘરે આવે તો તે માત્ર બે-ચાર કે છ પેજની હોય જેમાં લગ્ન માટે ગણેશ સ્થાપન થી લઈ જાન પ્રસ્થાન અને રાસ ગરબા સહિતના કાર્યક્રમોથી લઈ ભોજન સમારંભની વિગતો જાણીને લગ્ન પત્રિકા સાઈડ ઉપર મૂકી દે છે ત્યારે મોયદ ગામના જયેશભાઈ પટેલના મોનીલ ના લગ્નની આમંત્રણ પત્રિકા મળતા સંબંધો સહિત મિત્રો માટે પણ આશ્ચર્યજનક અનુભવ બની રહ્યું છે તેમના સંબંધિત સહિત મિત્રોનું માનીએ તો સામાન્ય રીતે લગ્ન પત્રિકા બે ચાર પેજની હોય તેની જગ્યાએ યુનિક ગણી શકાય તેવી આ લગ્ન પત્રિકા ૪૦ પેજની છે જેમાં ધર્મ અધ્યાત્મ કર્મ અને દેશપ્રેમ જેવી બાબતો નો સમાવેશ કરાયો છે જોકે આજ દિન સુધી સ્થાનિક વિસ્તારમાં કેટલાય લગ્નની આમંત્રણ પત્રિકા કરતા આ પત્રિકા ઘણી બધી રીતે વિશેષ છે ત્યારે લગ્ન પ્રસંગ બાદ મોટાભાગની પત્રિકાઓ પસ્તીમાં જતી હોય છે જ્યારે જયેશભાઈના દીકરાના લગ્નની પત્રિકા લાંબા સમય માટે કેટલાય લોકો માટે વિશેષ સંભાળનું બની રહેશે તે નક્કી છે.

જોકે સાબરકાંઠાના પ્રાંતિજના મૂલ્યાંક ગામની આ લગ્ન પત્રિકા હાલતો સ્થાનની કક્ષાએ ચર્ચાના એરણે છે તેમજ ધર્મને અધ્યાત્મિત દેશપ્રેમ માટે આવો પ્રયાસ કાબિલે તારીખ છે ત્યારે જોવું એ રહે છે કે આગામી સમયમાં ધર્મ અધ્યાત્મ સહિત દેશ પ્રેમ માટે આ પત્રિકા કેટલી કારગત સાબિત થાય છે....

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રીમતી બી. કે. મહેતા આઈ.ટી. સેન્ટર મ્ઝછ કોલેજ, પાલનપુરની ગાંધીનગર ખાતે ટેકનિકલ મુલાકાત યોજાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૧

શ્રીમતી બી. કે. મહેતા આઈ.ટી. સેન્ટર BCA કોલેજ, પાલનપુરની તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ મુલાકાતનું આયોજન કર્યું હતું. આ મુલાકાત ગંધીનગર ખાતે આવેલી ODOO સોફટવેર કંપની – ઈન્ફોસિટી ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ERP (Enterprise Resource Planning ) સિસ્ટમની વાસ્તવિક કાર્ય પદ્ધતિઓ વિશે વાસ્તવિક અનુભવો કરાવવાનો હતો. ઉપરાંત, ODOO જેવી અગ્રણી ERP સોફટવેર કંપનીની કાર્યશૈલી અને તેમની નવતર સોફટવેર વિકાસ અને ગ્રાહક સેવાઓ પ્રત્યેની દ્રષ્ટિ સમજાવવા માટે આ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ મુલાકાતમાં કુલ ૫૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી ડો. એન.એસ.ગુપ્તાના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર શ્રી. એન.એસ.પટેલ તથા અન્ય સ્ટાફમિત્રો દ્વારા કરાયું હતું.. ODOO સોફટવેર કંપની તરફથી, માર્કેટિંગ HR મેનેજર શ્રી શાર્દૂલ દવે અને શ્રી. ઈસરાની કરન દ્વારા સમગ્ર માહિતી આપવામાં આવી હતી. અને કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત ખૂબ જ શૈક્ષણિક અને પ્રેરણાદાયી સાબિત થઈ હતી.

### મહેસાણા તાલુકાના પઢારિયા ગામે પ્રાકૃતિક કૃષિ ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

પુરુષોની જેમ મહિલાઓ પણ પશુપાલનની સાથે ખેતીમાં પણ સહભાગી બનતી રહેતી હોય છે ત્યારે મહિલાઓ કામકાજમાં ધગશ અને અનુસરણ કરવામાં અગ્રેસર માનવામાં આવે છે અને આ મનોવિજ્ઞાનનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતીમાં વધારેમાં વધારે મહિલાઓ જોડાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. જેનાથી દેશના નાગરિકો, દેશનું ભવિષ્ય સ્વસ્થ અને ગુણવત્તા યુક્ત ખોરાક મેળવવામાં તેમના થી પરિણામ લક્ષી બાબતો મળી શકે છે. પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓનું યોગદાન અને સહભાગીદારીતા વધે એ માટે બનતા પ્રયત્નો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે મહેસાણા તાલુકાના પઢારિયા ગામે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને 'આત્મા' દ્વારા યોજાયેલ પ્રાકૃતિક કૃષિ ક્લસ્ટર બેઝ તાલીમમાં પઢારિયા ગામના મહિલા મંડળની મહિલાઓએ મોટી સંખ્યામાં રસપૂર્વક ભાગ લીધો હતો. આ મહિલાઓએ જીવામૃત, બીજામૃત, બીજ પટ તેમજ કિચન ગાર્ડન કેમનો બને અને કેમનું એનું જતન થાય તે અંગે માહિતી મેળવી હતી. પઢારિયા ગામના ગ્રામ સેવક વિશાલભાઈ અમીન તેમજ પશુપાલન વિ વિભાગની માહિતી સમજાવી હતી તેમજ પ્રાકૃતિક ખેતીના ફાયદા તેમજ તેનું મહત્વ અંગે પ્રાકૃતિક ખેતી ના વિવિધ આયામો સમજાવ્યા હતા એમ ગ્રામ સેવક વિશાલભાઈ અમીને જણાવ્યું હતુ.

### જગુદણ ગામે પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઇ




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૧

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત મહેસાણા તાલુકાના જગુદણ ગામે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં જગુદણ ગામના ગ્રામસેવક પટેલ સ્મિતાબેન એન. એ પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમમાં ઉપસ્થિત ખેડૂત અને પશુપાલક બહેનોએ આંતરપાક પદ્ધતિ વિશે તેમજ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે વિશેષ માહિતી મેળવી હતી તેમજ પ્રાકૃતિક ખેતી થી થતા ફાયદા અંગે પણ પ્રશ્નોત્તરી કરી હતીપપ..હેમ

Volume : 10 Issue : 261 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002